# સગાઈ સહાયક છન્નુંકાકા


ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડયા

કહેવાય છે કે સ્મશાનમાં ડાઘુઓના વૈરાગ્યનો પારો ચરમસીમા પર હોય છે (સ્મશાનમાંથી બહાર નીકળ્યા પછી સીધો માઈનસમાં જતો રહે છે!) એટલે ત્યાં તેમના મનમાં બીજી કોઈ વાત ઊતારી શકાતી નથી. આમ છતાં કુશળ વીમા એજન્ટ સ્મશાનમાં પણ તેમનો વીમો ઉતારી લે છે. એ જ રીતે છન્નુંકાકા સ્મશાનમાં પણ કોઈના છોકરા છોકરીની સગાઈનું પાકું કરી નાખે છે. આમ છતાં છન્નુંકાકાના વૈરાગ્યનો પારો એટલો જ ઊંચો હોય છે. છતાં જે રીતે દૂધમાં પાણી ભેળવવામાં આવે એ રીતે વૈરાગમાં વહેવાર ભેળવીને કોઈને દીકરા દીકરીની સગાઈની વાતમાં ભેરવી દે છે. વળી છન્નુંકાકાએ કોઈના દીકરા દીકરીઓની ડિટેઈલ પૂછવાની જરૂર રહેતી નથી. એમને બધાના બાયોડેટા મોઢે જ હોય. કારણ કે તેઓ ખુદ એક હરતી ફરતી ડિરેક્ટરી અથવા તો ‘મોબાઈલ મેરેજ બ્યુરો’ છે. જે યુવાન દીકરા દીકરીઓ (અરે યુવાન જ નહીં પાકી ગયેલા પણ!) વિશે છન્નુંકાકા જેટલું જાણતા હોય છે એટલું તો તેમના મા બાપ પણ નથી જાણતા. જમીન દલાલ અને જાદુગર એમ બંનેની કળાઓનું જમાવટનું મિશ્રણ એટલે છન્નુંકાકા.

છન્નુંકાકા સગાઈ સંવર્ધનની આગવી કળા છે. એમની કળાના પરિણામો આજે પણ કેટલાક લોકો માણી (ભોગવી) રહ્યા છે. જ્ઞાતિના કે પરજ્ઞાતિના દીકરા દીકરીઓની સગાઈ કરાવવીએ કાકાનો જન્મજાત શોખ. છન્નુંકાકાને સગાઈવિદ્યા સહજ છે. પેલા ભજનમાં કહ્યું છે કે ‘સબસે ઊંચી પ્રેમ સગાઈ.’ પણ છન્નુંકાકાને તો ‘સબસે ઊંચી (પારકા પુત્ર-પુત્રીની) લગ્ન-સગાઈ.’ કેટલાક કહે છે કે સગાઈમાં ઠગાઈ હંમેશા છુપાયેલી હોય છે. એટલે જ સગાઈ થાય ત્યારે સામસામા સગાસંબંધીઓ કહેતા હોય કે ‘અમને તો બહુ સારા માણસો મળી ગયા’ પણ લગ્નના થોડા વર્ષો પછી એ જ લોકો કહેતા હોય કે અમે તો ભેરવાઈ ગયા. સગાઈની આ પ્રવૃત્તિમાં છન્નુંકાકા એટલા બધા ગળાડૂબ કે આડત્રીસ વર્ષે પહોંચી ગયેલા તેમના પુત્રની સગાઈ કરવાનું તેમને યાદ જ ન રહ્યું. તો બીજી બાજુ અઠ્ઠાવીસ વર્ષની તેમની પુત્રી રાજુ રિક્ષાવાળા સાથે પલાયન થઈ ગઈ. કારણ કે છન્નુંકાકા ગામના છોકરા છોકરીઓની સગાઈમાં બહુ બીઝી રહેતા તેથી તેમની સુપુત્રી એ રાજુ રિક્ષાવાળા સાથે સ્વયંવર રચવો પડેલો. કહેવાય છે કે પુત્રી રિક્ષાવાળા સાથે પલાયન થઈ જવાને કારણે છન્નુંકાકા પર આભ તૂટી પડ્યું. ગામલોકોએ તેમને મેણા ટોણા મારતા કહ્યું કે ‘કુછ દિન તો ગુજારો ગામમેં’ (ઘરમેં). તમે ઘરમાં રહેતા જ નથી એટલે પુત્રીએ જાતે જ ઘર માંડ્યું. કહેવાય છે કે પુત્રી બાબતે છન્નુંકાકાએ પ્રતિજ્ઞા કરી કે ‘કાગડા કૂતરાના મોતે મરીશ પણ પુત્રીને પાછી લાવ્યા વગર ગામના પાદરમાં પગ નહીં મૂકું.’ જોકે આ પ્રતિજ્ઞા કરમચંદકાકાના દીકરાની નહોતી પણ છન્નુંકાકાની હતી! એટલે અનબ્રેકેબલ નહોતી.

પુત્રીની શોધમાં છન્નુંકાકા પંદર દિવસ સુધી પર્યટન કરતા રહ્યા. પંદર દિવસે પાછા આવ્યા ત્યારે પુત્રી તો ન લાવ્યા પણ તેમના સાઢૂની બે પુત્રીઓની સગાઈનું પાકું કરતા આવ્યા. આમ કોરા ચેક વટાવવામાં છન્નુંકાકાની માસ્ટરી! જોકે જ્ઞાતિના છોકરા છોકરીઓનું પાકું કરવામાં એમનો પુત્ર પાકી ગયો. પેલી કહેવત છે કે ‘પાકે ઘડે કાંઠા ન ચડે’ એટલે પુત્ર પિતા પર કાયમ ખફા રહેતો. પિતા પુત્ર વચ્ચે કાયમ અણબનાવ રહેતો. તેને કારણે છન્નુંકાકા ઘર બહાર વધુ રહેતા હોવાથી તેઓ “સદા’બહાર” કહેવાતા. તેમના બહાર રહેવાના બેનિફિટ્સ બહારવાળાને વધુ મળતા.



તેઓ બહારગામ જાય અને જેમના પાકી ગયેલા દીકરાની સગાઈ બાકી હોય તેમને ત્યાં રોકાણ કરે. (સોનામાં રોકાણ કરી શકે એવી સગવડ નહોતી.) અને બહારગામ જઈને ત્યાં યજમાનના દીકરાની સગાઈ માટેની એવી વાતો કરે કે યજમાનના ઘરમાં બસંતબહાર ખીલી ઊઠે. છન્નુંકાકાનો પુત્ર પણ પોતાની બહેન ચીંધ્યા માર્ગે ભાગી જવા તત્પર હતો. પણ તેને ભાગી જવા માટે કોઈની બહેન મળી નહીં અને તે સરસ્વતીચંદ્રની જેમ એકલો હાલી નીકળવા તૈયાર નહોતો. ઘણાએ છન્નુંકાકાને ટકોર કરેલી કે ‘છન્નુંકાકા છોકરા પર કંઈક ધ્યાન દો.’ તો કાકા કહેતા કે હું છોકરા પર ધ્યાન દઉં છું પણ છોકરીવાળા ધ્યાન નથી દેતા.

**પુત્રીની શોધમાં છન્નુંકાકા પંદર દિવસ સુધી પર્યટન કરતા રહ્યા. પંદર દિવસે પાછા આવ્યા ત્યારે પુત્રી તો ન લાવ્યા પણ તેમના સાઢૂની બે પુત્રીઓની સગાઈનું પાકું કરતા આવ્યા. આમ કોરા ચેક વટાવવામાં છન્નુંકાકાની માસ્ટરી!**

જોકે કેટલાંક વર્ષો પહેલા એક કન્યા સાથે છન્નુંકાકાનો પુત્ર ભાગી ગયેલો. સુરતથી મિત્રની કારમાં ભાગીને તેઓ રાજકોટ પહોંચ્યા. ત્યાંથી છન્નુંકાકાનો પુત્ર અને ભાવિ સસરાની પુત્રી પોતાના મિત્રને ત્યાં જવા માટે બસમાં નીકળ્યા. કહેવાય છે કે અકરમીનો પડિયો કાણો. તે બસનો કંડકટર જ કન્યાનો દૂરનો મામો નીકળ્યો. કન્યાને અજાણ્યા છોકરા સાથે જોઈને તે નજીક આવ્યો. કન્યા મામાને ઓળખતી નહોતી પણ મામાની મેમરી પાવરફુલ હોવાથી તે કન્યાને ઓળખી ગયા. એટલે કન્યાને અને છન્નુંકાકાના પુત્રને બંનેને થયું કે આ કોઈ ખીજડા માયલો મામો ભટકાઈ ગયો. મામા મનોમન બોલ્યા, “મેરે હોતે હુએ યે નહીં હો શકતા” આમ મામાએ બંનેને ટિકિટ વગર જ મિત્રના ઘેર પહોંચાડવાને બદલે સુરત પાછા પહોંચાડ્યા. પછી તરત જ કન્યાવાળાએ પહેલા તો છન્નુંકાકાના પુત્રનો વાંહો કાબરો કરી નાખ્યો. છન્નુંકાકાનો પુત્ર વાંહો ખંજવાળતો અને હાથ ઘસતો રહી ગયો. આ બાજુ તે બિચારો રાતો પીળો થતો રહ્યો અને પેલી બાજુ કન્યાના પિતાએ કન્યાના હાથ પીળા કરાવી દીધા. આમ મુરતિયાના ભાગ્યમાં પીડા જ રહી ગઈ.

ભલે છન્નુંકાકા પોતાના ઘરની ઘટનાઓથી અજાણ હતા પણ જ્ઞાતિમાં ભાગીને લગ્ન કરેલી દરેક છોકરી વિશે તેઓ છાતી ઠોકીને કહેતા કે મને તો છ છ મહિનાથી ખબર હતી કે ‘ફલાણાની છોકરી ફલાણાના છોકરા જોડે ભાગી જવાની છે. પણ આપણે શું કામ હવનમાં હાડકા નાખવા જોઈએ.’ છન્નુંકાકાનું આ બાબતે સહદેવ જોશી જેવું (પાંડવોવાળા) પૂછે તો જ કહે, બાકી તેઓ ‘ન બોલવામાં નવ ગુણ’ જ માને. પણ છોકરા છોકરીઓની સગાઈઓ કરાવવા બાબતે તેઓ ‘બોલે તેના બોર વેચાય’, ‘ન બોલે તેના નાળિયેર પણ ન વેચાય’ તેમાં માને. સમાજના લોકો કહે છે કે છન્નુંકાકા જ્ઞાતિની હરતીફરતી ડિરેક્ટરી છે. પણ અમારું માનવું છે કે જે કાંઈ બહુ હરતું ફરતું હોય તેના કરતાં ખીલે બંધાયેલું હોય તો વધારે સારું. કારણ કે હરતી ફરતી અને ચરતી ગાયો અમે જોઈ છે. જે કોઈ તેની અડફેટે ચડે તેના પર તેંત્રીસ કરોડ દેવતા પ્રસન્ન થયાનો અનુભવ કરાવે. એ જ રીતે આવા હરતા ફરતા મેરેજ બ્યુરોની અડફેટે જે ચડી જાય એમણે છન્નુંકાકાના કર્યા આખી જિંદગી ભોગવવા પડે. કેટલાક વક્રદૃષ્ટિવાળાઓ તેમને ‘વચેટીયા’ અથવા તો ‘લાકડે માકડું ગોઠવનારા,’ ‘પાટિયા બેસાડનારા’ કહે છે. કેટલાક કહે છે કે છન્નુંકાકાને કારણે આખી લગ્ન સંસ્થા ભાંગી પડી છે. ખેર.. ‘કુછ તો લોગ કહેંગે લોગો કા કામ હે કહેના’ તેનાથી છન્નુંકાકાને શું ફરક પડે છે. (સામેવાળાને પડે છે!)

છન્નુંકાકા પાસે ઓળખાણરૂપી ઘણી ખાણ છે છતાં તેમને નવી નવી ઓળખાણ કાઢવાનો શોખ છે. ઓળખાણ બાબતે લોકો પણ તેમના વખાણ કરે કે છન્નુંકાકા આખા મલકને ઓળખે (ભલે છન્નુંકાકાને કોઈ ન ઓળખે!) તેઓ જ્ઞાતિના કોઈ સગાને ઘેર ગયા હોય તો ત્યાંથી તેના વેવાઈ, સાળા, સાળી, સાઢૂ, જમાઈ, સસરા આદિની માહિતી મેળવી લે છે અને તક મળ્યે (એટલે કે તક સર્જીને.) આ બધાને ત્યાં મહેમાનગતિ કરે છે. છન્નુંકાકાની ગતિને કોઈ પારખી શક્યું નથી અને મહેમાન બન્યા પછી વાતવાતમાં તેઓ યજમાનના ઉંમરલાયક (અને ઉંમરનાલાયક!) સંતાનોની તમામ વિગતો SIR ના BLOના જેટલી કાળજીથી એકઠી કરે છે. વળી તેઓ કહે કે હરુભાઈ આ તો પચ્છેગામવાળા તમારા વેવાઈ પ્રભુપ્રસાદે મને કહ્યું કે તમે મારા વેવાઈને ત્યાં એકવાર ખાસ જજો! ન જાવ તો મારા સમ! એટલે આવ્યો. બાકી આ જમાનામાં ક્યાં કોઈને ટાઈમ છે. આ જ રીતે તેઓ હરૂભાઈના વેવાઈને ત્યાં સાંધો મારે અને ત્યાં નવી ઓળખાણો કાઢે. પછી એ ઓળખાણ રૂપી ખાણમાં સામેવાળાને એવા નાખે કે બિચારા દિવસો સુધી તેમાંથી બહાર નીકળી શકતા નથી. આમ છન્નુંકાકાની ઓળખાણો પેલી વાર્તામાની રાજાની કુંવારી જેમ દિવસે ન વધે એટલી રાતે વધે અને રાતે ન વધે એટલી દિવસે વધે, એમ વધતી રહે છે. તેઓ આવી સેવાના બદલામાં કોઈપણ જાતના મેવાની અપેક્ષા રાખતા નથી. તેમણે ન્યાતને ખાતર જાણે કે ભેખ પહેર્યો છે. (અને કેટલાકને પહેરાવ્યો છે.) નરસિંહ મહેતાની જેમ એમનીય ન્યાતને કદર નથી. હા, કેટલાક અપવાદરૂપ લોકો તેમને ‘સમાજરત્ન’ કે ‘સમાજ ગૌરવ’ અથવા તો ‘સગાઈ સહાયક’નો એવોર્ડ આપવા માંગે છે. પણ તે એવોર્ડ કોના હસ્તે આપવો તે માટે યોગ્ય વ્યક્તિની શોધ ચાલે છે.

આપણે ત્યાં ગાંધીબાપુને રાષ્ટ્રપિતાનું બિરુદ અપાયું છે પણ હજુ સુધી ‘રાષ્ટ્રપુત્ર’નું બિરૂદ કોઈને અપાયું નથી. તો છન્નુંકાકાને એવું ‘રાષ્ટ્રપુત્ર’નું બિરુદ આપીને વહેલી તકે બિરદાવવા જોઈએ. આવું બિરૂદ તેમના માટે બારૂદનું કામ કરશે અને તેઓ બમણા નહીં પણ ચારગણા ઉત્સાહથી કાર્ય કરશે. પછી કોઈના દીકરા વાંઢા નહીં રહે!

## -:: ગરમાગરમ ::-

***લો કોલેજના એક પ્રોફેસરે ક્લાસમાં પૂછ્યું, “નવો ધંધો ચાલુ કરવા માટે સૌથી મહત્વનો ‘ફાઇનાન્સ લૉ’ (Finance law), કયો ગણાય? સ્ટુડન્ટ કહે, “સર, ફાધર ઇન લૉ!”*** •